# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/252 Dt. 14/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સે મહેતા વેલ્થ લિમિટેડની સાથે મળીને શ્રી વિકાસ ખેમાની સાથે ઇન્ટરેક્ટીવ સેશન યોજી વ્યવસાયિકો અને રોકાણકારોને માર્ગદર્શન આપ્યું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીએ મહેતા વેલ્થ લિમિટેડની સાથે મળીને શનિવાર, તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે, સંહતિ, સરસાણા, સુરત ખાતે કાર્નેલિઅન એસેટ મેનેજમેન્ટ એન્ડ એડવાઇઝર્સના ફાઉન્ડર એન્ડ સી.આઇ.ઓ. શ્રી વિકાસ ખેમાનીએ વ્યવસાયિકો અને રોકાણકારોને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, આજના ઝડપથી બદલાતા યુગમાં, ખાસ કરીને આર્થિક પરિસ્થિતિમાં, વેલ્થ ક્રિએશન માટે લાંબા ગાળાનું રોકાણ અત્યંત મહત્વપૂર્ણ બન્યું છે. રોકાણ માત્ર નફો નથી હોતો, પરંતુ વિશ્વાસ અને ધૈર્ય સાથે લાંબા ગાળા માટે કરાય તે સાચું રોકાણ છે. આ પ્રકારના સેશન દ્વારા ચેમ્બર ઓફ કોમર્સ પોતાના સભ્યોને માત્ર વ્યાપારિક નહીં, પરંતુ નાણાંકીય રીતે પણ સશક્ત બનાવવા સતત પ્રયત્નશીલ છે.

શ્રી વિકાસ ખેમાનીએ રોકાણકારોને સંબોધતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૧માં નિફ્ટી ૮૦૦ પોઇન્ટ પર હતી, આજે એ ૨૬૦૦૦ પોઇન્ટ પર પહોંચી ગઇ છે. એટલે કે નિફ્ટીમાં આશરે ૨૮થી ૨૯ ગણો વધારો થયો છે. છેલ્લા ૨૦થી ૨૩ વર્ષમાં માર્કેટમાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. વર્ષ ૨૦૦૧માં ભારતનો કુલ નફો ૮ બિલિયન યુએસ ડોલર હતો, જે આજે ૧૭૦ બિલિયન યુએસ ડોલર થઇ ગયો છે. વિશ્વભરમાં છેલ્લા કેટલાક વર્ષોમાં

એટલી બધી ઉથલપાથલ થઇ છે તેમ છતાં ભારતની ઇકોનોમી સતત વધી રહી છે. છેલ્લા ૨૦ વર્ષોમાં ભારતના માર્કેટે રોકાણકારોને રિટર્ન પણ ઘણું સારું આપ્યું છે.

લાંબા ગાળાની સંપત્તિ સર્જન માટે શિસ્તબદ્ધ રોકાણ, યોગ્ય એસેટ એલોકેશન અને ધીરજ અત્યંત જરૂરી છે. બજારની ટૂંકાગાળાની ઊથલપાથલથી પ્રભાવિત થયા વિના મજબૂત મૂળભૂત આધાર ધરાવતી કંપનીઓમાં સતત રોકાણ કરવું જોઈએ. તેમણે ઉમેર્યું કે, રોકાણ કરતા પહેલા વ્યક્તિએ પોતાની જોખમ સહનશક્તિ, નાણાકીય લક્ષ્યો અને સમયગાળાની સ્પષ્ટતા કરવી ખૂબ જરૂરી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ટૂંકાગાળાના નફાની લાલચમાં આવીને નિર્ણય લેવાને બદલે યોગ્ય સંશોધન અને નિષ્ણાતની સલાહથી રોકાણ કરવાથી લાંબા ગાળે સ્થિર અને સંતોષકારક વળતર મળી શકે છે. વિવિધ ક્ષેત્રોમાં ડાઇવર્સિફિકેશન કરવાથી જોખમ ઘટે છે અને પોર્ટફોલિયો વધુ સંતુલિત બને છે.

સેશનના અંતે શ્રી વિકાસ ખેમાનીએ રોકાણકારોના વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપી વર્તમાન આર્થિક પરિસ્થિતિ, બજારના ટ્રેન્ડ્સ અને ભવિષ્યની સંભાવનાઓ અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું, જે ઉપસ્થિત વ્યવસાયિકો અને રોકાણકારોને અત્યંત ઉપયોગી સાબિત થયું હતું.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. મહેતા વેલ્થ લિમિટેડના મેનેજિંગ ડિરેકટર શ્રી કૃણાલ મહેતાએ વકતાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ સેશનનું સંચાલન કર્યું હતું.